''સરળ નોંધણી,
સરળ સુધારણા''

ફોન નંબર : ૦૨૬૧–૨૬૬૫૨૦૦
ફેકસ નંબર : ૦૨૬૧–૨૬૬૫૨૬૫
ઈ–મેઈલ : deo22surat@gmail.com

**કલેકટર અને જિલ્લા ચૂંટણી અધિકારીની કચેરી, સુરત**

ચૂંટણી શાખા, પહેલો માળ, બી–બ્લોક,જીલ્લા સેવા સદન–૨, અઠવાલાઈન્સ, સુરત–૩૯૫૦૦૧

નં.ચટણ–૧/EVM/ટ્રાન્સપોર્ટ/વશી .૪૩૩/૨૦૧૭ તા. ૨૫/૦૭/૨૦૧૭

**વંચાણે લીધુ :**

(૧) ભારતના ચૂંટણી પંચ, નવી દિલ્હીના પત્ર નં. 51/8/3/2017-EMS તા.૨૦/૬/૨૦૧૭ તથા તા.૪/૭/૨૦૧૭
(૨) નિર્વાચન આયોગ, ગાંધીનગરના પત્ર નં. ઈએલસી/૫૯૧૬/૨૯૭૪/છ તા.૧૦/૭/૨૦૧૭
(૩) અત્રેની કચેરીની ટેન્ડરની નિવિદા નં. ચટણ–૧/EVM/જાહેર નિવિદા/૨૦૧૭ તા.૪/૭/૨૦૧૭
(૪) એજન્સી આસુ લોજીસ્ટીક એન્ડ પેકેજીંગ પ્રા.લિ, ગૌહટી, આસામ ધ્વારા રજુ થયેલ ટેન્ડર

**હુકમ:-**

આમુખ-૧માં જણાવેલ ભારતના ચુંટણી પંચ, નવી દિલ્હીના તા.૪/૦૭/૨૦૧૭ના પત્રથી સુચના અનુસાર ગુજરાત રાજયની આગામી વિધાનસભા સામાન્ય ચુંટણીઓ ધ્યાને લઇ અન્ય રાજ્યમાંથી EVM તથા VVPAT ફાળવવાના હુકમો થયેલા છે. જે અન્વયે નિર્વાચન આયોગ, ગાંધીનગરનાં તા.૦૧/૦૪/૨૦૧૭નાં પત્રથી EVM તથા VVPATની હેરફેર બંધ બોડીની ટ્રક મારફતે તથા GPS System લગાવીને કરવાની સુચના આપી, પરિવહન માટે એજન્સી નક્કી કરવા અને એજન્સીની કાર્યવાહી તા.૧૨/૦૭/૨૦૧૭ સુધીમાં પુર્ણ કરવા જણાવેલ છે. જે અન્વયે અત્રેથી તા.૦૪/૦૭/૨૦૧૭નાં રોજ ટુંકી મુદતની નિવિદા બહાર પાડવામાં આવેલ છે, આ ટુંકી મુદતની નિવિદાના સમય મર્યાદામાં ફક્ત એક જ ટેન્ડર તા.૧૦/૦૭/૨૦૧૭ના રોજ મળેલ છે. જે કામે તા.૧૯/૦૭/૨૦૧૭નાં રોજ ટેન્ડરીંગ કમિટીની બેઠકમાં ફક્ત એક જ ટેન્ડર રજુ થતા કમિટીના નિર્ણય મુજબ આ ટેન્ડર ઓપન કરી, પ્રાઇસબુક અવલોકનમાં લેતા ઉત્તરપ્રદેશ રાજ્ય માંથી EVM/VVPAT લાવવા માટેના ભાડાનાં રૂ.૬૮/- પ્રતિ કિ.મી. ના તથા લોડિંગ/અનલોડિંગ ચાર્જ રૂ.૧૫૦૦૦/- દર્શાવેલ છે. જેથી EVM/VVPATના પરિવહન માટે અન્ય જીલ્લા રાજકોટ, જુનાગઢ, વડોદરા, છોટાઉદેયપુર અને ભરૂચ ધ્વારા ટેન્ડરીંગથી મંજુર કરેલા ભાવો નીચે મુજબ હોય હાજર રહેલ એજન્સી આસુ લોજીસ્ટીક એન્ડ પેકેજીંગ પ્રા.લિ, ગૌહટી, આસામને વડોદરા જીલ્લાના મંજુર

કરેલ ભાવો મુજબ મેગોશીએશન કરવા જણાવતા તેઓએ વડોદરા જીલ્લાના મંજુર કરેલા ભાવો મુજબ સંમતિ દર્શાવેલ છે.

| અ.નં | જિલ્લાનું નામ | મળેલ ટેન્ડર | મંજુર થયેલ એજંસીનું નામ | ક્યા રાજ્યમાંથી લાવવાનાં ભાવો | પ્રતિ. કિ.મી ના મંજુર થયેલ ભાવો રૂ. | લોડિંગ/ અન લોડિંગ ચાર્જ રૂ. |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧ | પાટણ | ૩ | આસુ લોજીસ્ટીક ગૌહટી | પંજાબ | ૬૯/- | ૨૪૦૦૦/- |
| ૨. | વડોદરા | ૩ | આસુ લોજીસ્ટીક ગૌહટી | ઉત્તર પ્રદેશ | ૬૫/- | ૧૦૦૦૦/- |
| ૩. | જુનાગઢ | ૧ | આસુ લોજીસ્ટીક ગૌહટી | ઉત્તર પ્રદેશ | ૬૫/- | ૧૧૦૦૦/- |
| ૪. | રાજકોટ | | આસુ લોજીસ્ટીક ગૌહટી | ઉત્તર પ્રદેશ | ૬૫/- | ૧૧૦૦૦/- |
| ૫. | જામનગર | . | આસુ લોજીસ્ટીક ગૌહટી | ઉત્તર પ્રદેશ | ૬૮/- | ૧૬૦૦૦/- |
| ૬. | નર્મદા | ૪ | આસુ લોજીસ્ટીક ગૌહટી | ઉત્તર પ્રદેશ | ૬૫/- | ૧૧૦૦૦/- |
| ૭. | છોટા ઉદેયપુર | | આસુ લોજીસ્ટીક ગૌહટી | ઉત્તર પ્રદેશ | ૬૫/- | ૧૧૦૦૦/- |
| ૮. | ભરૂચ | ૧ | આસુ લોજીસ્ટીક ગૌહટી | ઉત્તર પ્રદેશ | ૬૫/- | ૧૧૦૦૦/- |

ઉપર મુજબનાં જિલ્લાઓમાં EVM/VVPATના પરિવહન માટે ભાવ પત્રકો સંબંધિત જીલ્લા ચુંટણી અધિકારી તરફથી મંજુર કરવામાં આવેલ છે. જે પૈકી વડોદરા જીલ્લના મંજૂર થયેલા ભાવો એટલે કે ઉત્તર પ્રદેશથી EVM/VVPATના પરિવહનના ભાડાનાં રૂ.૬૫/- પ્રતિ કિ.મી. ના તથા લોડિંગ/અનલોડિંગ ચાર્જ રૂ.૧૦૦૦૦/- મુજબ આસુ લોજીસ્ટીક એન્ડ પેકેજીંગ પ્રા.લી., ગૌહાટી-આસામ તરફથી સંમતિ આપવામાં આવેલ છે. જેથી આશુ લોજીસ્ટીક એન્ડ પેકેજીંગ પ્રા.લી, ગૌહાટી આસામને EVM/VVPATના પરિવહન માટે ભાડાનાં રૂ.૬૫/- પ્રતિ કિ.મી. ના તથા લોડિંગ/અનલોડિંગ ચાર્જ રૂ.૧૦૦૦૦/-ના ભાવો નીચેની શરતોને આધીન મંજુર કરવા આથી હુકમ કરવામાં આવે છે. આ હુકમ મુજબના ભાવ આ હુકમ થયાની તારીખથી એક વર્ષ સુધી માન્ય રહેશે.

<u>શરતો:-</u>

(૧) વાહનના ભાવમાં અન્ય તમામ કરવેરાનો સમાવેશ થયેલો ગણાશે. એટલે કે, કોઇપણ સ્થળ ઉપર ભરવા પડતા વેરા, દંડ, ટેક્ષની રકમ અલગથી આકારવાની રહેશે નહી. તેમજ વાહનમાં ઉભી થતી યાંત્રીક ખામી અંગેની જવાબદારી કોન્ટ્રાકટર/ઇજારાદાર/એજન્સીની રહેશે.

(૨) EVM/VVPAT લેવા માટે અત્રેથી નિમણુંક પામેલા અધિકારીના નિયંત્રણ હેઠળ જ આ વાહનોએ મુવમેન્ટ કરવાની રહેશે. એટલે કે સંબંધિત અધિકારી તે વાહન કે વાહનોની સાથે જ રહેશે. ડ્રાઇવર પોતાની મરજી મુજબ કે મનસુફીનો રૂટ નક્કી કરીને ચાલી શકશે નહી.

(3) વાહન ડ્રાઇવરના પગાર/ભથ્થાનો સંપુર્ણ ખર્ચ કોન્ટ્રાકટર/ઇજારાદાર/એજન્સી લેનારે ભોગવવાનો રહેશે. એટલે કે સાથે આવતા અધિકારી કે કર્મચારીએ ડ્રાઇવરો અને કલીનરોના રહેવા જમવાની વ્યવસ્થા જોવાની રહેશે. નહી કે તે બાબતે ચુકવણું કરવાનું રહેશે નહી.

(૪) વાહન નેશનલ પરમિટ ધરાવતું હોવુ જોઇએ, વાહનમાં રહેલ માલસામાનનું તથા વાહનનું સંપુર્ણ વીમા કવરેજ હોવું જોઇએ અને ડ્રાઇવર પાસે નિયમોનુસાર લાયસન્સ હોવું જોઇએ તથા તમામ વાહનો ઉપર GPS System લગાવવાના રહેશે.

(૫) બંધ બોડીના ટ્રકને દરવાજા હોવા જરૂરી છે. એટલે કે, તેનું સીલીંગ થઇ શકે તેવા પ્રકારના દરવાજા વાળા વાહનો પુરા પાડવાના રહેશે.

(૬) કોન્ટ્રાકટર/ઇજારાદાર/એજન્સીને જિલ્લા ચુંટણી અધિકારીશ્રી, સુરત તરફથી જણાવવામાં આવે તે રાજ્યમાં વાહન પુરૂ પાડવાનું રહેશે. સંબંધિત વાહન પુરૂ પાડનાર એજન્સીએ/પ્રતિનિધિએ જે તે જીલ્લાનાં EVM/VVPAT વ્હેર હાઉસની મુલાકાત લઇ જરૂરીયાત મુજબના વાહનોની વ્યવસ્થા કરવાની રહેશે.

(૭) કોન્ટ્રાકટર/ઇજારાદાર/એજન્સીએ ભાવ મંજુરીનો વર્ક ઓર્ડર મળ્યે તુરત જ અત્રેથી જણાવવામાં આવેલ તે પ્રકારે નિયમોનુસાર કરારખત કરી આપવાનું રહેશે. આ કરારખત કરી આપવા અંગે મુંબઇ સ્ટેમ્પ અધિનિયમ*૧૯૫૮ અને તે હેઠળના નિયમો અનુસાર નિયત દર મુજબ સ્ટેમ્પ ડ્યુટી વેન્ડરે ભોગવવાની રહેશે.

(૮) ઉપરોકત હુકમ/કરાર બાબતે કોઇપણ વિવાદ અને કાનુની ગુંચ ઉદભવે તો તે અંગેની બાબતોનું કાર્યક્ષેત્ર સુરત જીલ્લા ન્યાયાલય રહેશે.

(૯) EVM/VVPAT ઉત્તર પ્રદેશ રાજ્યના ક્યા જીલ્લામાંથી કેટલા પ્રમાણમાં EVM/VVPAT લાવવાનાં છે. તે અંગેની જાણ ઇલાયદી કરવામાં આવશે. ઇન્શ્યોરન્સ એન ડીટેન્શન ચાર્જની જવાબદારી કોન્ટ્રાકટર/ઇજારાદાર/એજન્સીની રહેશે.

(૧૦) આ હુકમ તારીખથી દિન ૩માં અત્રે કરારનામું કરી આપી રૂ.૨૫૦૦૦/- (અંકે રૂપિયા પચ્ચીસ હજાર પુરા) નો ડીમાન્ડ ડ્રાફ્ટ એજન્સીએ સિક્યોરીટી ડીપોઝીટ પેટે જમાં કરાવવાનો રહેશે.

(૧૧) ચુકવણીની શરતો

(૧) પુરી પાડેલ સેવા અંગેના ભાડાના બીલો જિલ્લા ચુંટણી અધિકારીશ્રી, સુરતના નામે બનાવી રજુ કરવાના રહેશે.

(૨) બીલોની ચુકવણીમાં નિયત દરે ટી.ડી.એસ. કપાત કરી બાકીની રકમ "એકાઉન્ટ પે" ચેકથી કરવામાં આવશે. નિયમોનુસાર ભરવા પાત્ર તમામ પ્રકારના ટેક્ષ એજન્સીએ ભરવાના રહેશે.

(૩) એજન્સીને સુપ્રત કરેલ કોઇ કામગીરીમાં નિષ્ફળ જાય અથવા ઉકત કોઇપણ શરતનો ભંગ થયેલ હોય, તો તે અન્વયેના શિક્ષાત્મક પગલાને આધિન દંડ વગેરેની રકમ બીલની રકમમાંથી વસુલવામાં આવશે.

(૪) બીલોની ચુકવણી ગ્રાન્ટની ઉપલબ્ધી થયે કરવામાં આવશે.આ કામે કોઇપણ પ્રકારે એડવાન્સ પેટે કોઇપણ રકમ મળી શકશે નહી.

25/7

જીલ્લા ચુંટણી અધિકારી
અને
કલેકટર સુરત

O/C

પ્રતિ,
આશુ લોજીસ્ટીક એન્ડ પેકેજીંગ પ્રા.લી.,
ગૌહાટી-આસામ

નકલ રવાના:-

(૧) જિલ્લા તિજોરી અધિકારીશ્રી, સુરત.

(૨) અધ્યક્ષ(વ્હેર હાઉસ કમિટી) અને નાયબ કલેકટરશ્રી સીટી પ્રાંત સુરત

(૩) વ્હેર હાઉસ ઇન્ચાર્જ અને મામલતદારશ્રી ચોર્યાસી. સુરત

(૪) સીસ્ટમ સુપ્રવાઇઝરશ્રી સી.એમ.સી સુરત.

૨/- વ્હેર હાઉસ ઇન્ચાર્જ અને મામલતદારશ્રી ચોર્યાસીના સંકલનમાં રહીને ઇટીએસની ડેટા એન્ટ્રી/ભૌતિક જથ્થાની મેળવવાની કાર્યવાહી પુર્ણ કરી અત્રે જાણ કરવા સારૂ.

નકલ સાદર રવાના:-

મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી, ગુજરાત રાજય, સામાન્ય વહિવટ વિભાગ,
બ્લોક નં.૭/૨, નવા સચિવાલય, ગાંધીનગર